# FAQ

1. **ગ્રાન્ટેડ શાળાઓમાં મહિલા અનામતની જગ્યાઓ કેવી રીતે ભરવામાં આવશે?**
   a. રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વ ધરાવતી હોઇ સદર શાળાઓની મહિલા અનામત જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારો જ ફાળવવામાં આવશે. આ અંગે મહિલા ઉમેદવારોએ તેઓ મહિલા અનામતની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા ઇચ્છે છે કે કેમ? તે અંગે ઓનલાઇન અરજી ફોર્મમાં વિકલ્પ આપવાનો રહેશે. વિકલ્પ નહી આપનાર મહિલાઓની ફાળવણી મેરીટના ધોરણે ફક્ત સામાન્ય જગ્યાઓ પર કરવામાં આવશે આવા મહિલા ઉમેદવારોનો મહિલા અનામતની જગ્યા પર હક્ક દાવો રહેશે નહી. **મતલબ કે મહિલા અનામતની જગ્યા પર જવા માટે વિકલ્પ આપનાર મહિલાનો પસંદગી યાદી બનાવતી વખતે સામાન્ય જગ્યાના ક્વોટા અને મહિલા જગ્યાના ક્વોટા બંનેમાં ગણતરી થશે પરંતુ જો પસંદગી યાદીમાં મહિલા અનામતની જગ્યા જેટલી જ મહિલાઓ પસંદ થશે અને તેઓએ મહિલા અનામતની જગ્યા પર જવાનો વિકલ્પ આપ્યો હશે તો તેઓને ફરજિયાતપણે મહિલા અનામતની જગ્યા પર જ મૂકવામાં આવશે.**
   b. દા.ત.
      i. જો કોઇ એક વિષયમાં ૧૦ જગ્યાની સામે ત્રણ જગ્યા મહિલા અનામતની જગ્યા હોય અને પસંદગી યાદીમાંના પ્રથમ દસે દસ ઉમેદવાર મહિલા હશે અને દસમાંથી એકેય મહિલા ઉમેદવારે મહિલા અનામતની જગ્યા પર જવા માટેનો વિકલ્પ નહી આપ્યો હોય તો છેલ્લી ૩ મહિલા ઉમેદવારને પડતી મુકી તેઓની જગ્યાએ મહિલા અનામતની જગ્યા પર જવાનો વિકલ્પ આપનાર ત્રણ મહિલાને પસંદ કરવામાં આવશે.
      ii. બીજી રીતે જોવા જઈએ તો કુલ ૧૦ જગ્યાની સામે ૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત હશે અને પ્રથમ દસ ઉમેદવારમાં ત્રણ મહિલા વિકલ્પ ન આપનાર મહિલા ઉમેદવાર હશે તો છેલ્લા ત્રણ ઉમેદવાર (૮,૯ અને ૧૦માં ક્રમના)ને બાકાત કરી તેઓની જગ્યાએ વિકલ્પ આપનાર ત્રણ મહિલા ઉમેદવાર પસંદ કરવામાં આવશે.
      iii. કોઇ એક વિષયમાં કુલ ૧૦ જગ્યાની સામે મહિલા અનામતની ૩ જગ્યા હશે અને ફાઇનલ મેરીટ લિસ્ટમાં પસંદ થનાર દસ ઉમેદવારમાં ત્રણ જ મહિલા ઉમેદવાર પસંદ થતા હોય અને એ ત્રણેય મહિલા ઉમેદવારોએ મહિલા અનામતની જગ્યા પર જવાનો વિકલ્પ આપ્યો હશે તો તેઓને ફરજિયાત પણે મહિલા અનામતની જગ્યા પર જ મુકવામાં આવશે.
2. **કેટેગરી વાઇઝ જગ્યાઓ અનામતની ટકાવારી મુજબ કેમ નથી આવતી?**
   a. કેટેગરીવાઇઝ જગ્યાઓ શાળાઓના રોસ્ટર રજીસ્ટર મુજબ તૈયાર થતી હોય છે અને દરેક શાળા સ્વતંત્ર એકમ હોઇ દરેક શાળાનું માધ્યમિક વિભાગ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના રોસ્ટર રજીસ્ટર અલગ અલગ હોય છે અને દરેક ભરતી પ્રસંગે આ રોસ્ટર રજીસ્ટરો સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના અધિકારીશ્રીઓ પાસે પ્રમાણિત કરાવવામાં આવતા હોય છે આથી જે તે શાળા માટે હાલ ખાલી જગ્યા માટેનો રોસ્ટર પોઇન્ટ તેમજ બેકલોગને ધ્યાને લઈ તે મુજબ તે ખાલી જગ્યાની કેટેગરી નક્કી થતી હોય છે.
   b. **બીજું શાળાઓ વ્દારા તેઓની ખાલી જગ્યાનું માંગણાપત્રક જે તે જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવામાં આવે છે અને જિલ્લા શિક્ષણાધિકારી ખાલી જગ્યાઓની વિગતો એકત્રીત કરી પસંદગી સમિતિને મોકલે છે જેના આધારે પસંદગી સમિતિ જાહેરાત આપી ભરતી કરે છે આથી જગ્યાઓ બાબતે પસંદગી સમિતિ સમક્ષ રજુઆત કરવા આવી આપનો અને પસંદગી સમિતિનો સમય ન બગાડવા સૂચના છે.**
3. **ગ્રાન્ટ–ઇન–એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ સહાયકની અરજી કરવા માટે કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે ? તે અન્વયે કેવુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે ?**
   a. હા, કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે . જે ઉમેદવારો ધોરણ – ૧૦/ધોરણ –૧૨/ શૈક્ષણિક કે વ્યવસાયિક સ્નાતક/અનુ સ્નાતકની કક્ષાએ કમ્પ્યુટર એક વિષય તરીકે પાસ કરેલ હોય તો અલગથી પ્રમાણપત્રની જરૂર નથી. અન્યથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ મુજબ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે, ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
4. **ઉમેદવાર વ્દારા એક થી વધુ અરજી કરી શકાય કે કેમ ?**
   a. ના, એક વિભાગમાં એક જ અરજી કરી શકાય. પરંતુ ઉમેદવાર જો લાયકાતો ધરાવતો હોય તો ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક અને ગ્રાન્ટ-ઇન-એઇડ ઉ.માધ્યમિક વિભાગમાં અલગ અલગ અરજી કરી શકે છે.

5. **માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટેની TAT પરીક્ષા બાદ મેળવેલ લાયકાતો ગ્રાહ્ય રાખવામાં આવશે કે કેમ?**
   a. માધ્યમિક વિભાગ માટે:- માધ્યમિક વિભાગ માટેની TAT પરીક્ષાની મુળભુત લાયકાત શૈક્ષણિક સ્નાતક + વ્યવસાયિક સ્નાતક છે. જેથી, આ બંન્નેમાંથી કોઇ પણ લાયકાત TAT પરીક્ષા બાદ મેળવેલ હોય તો તે ગ્રાહ્ય રહે નહી. પરંતુ, માધ્યમિક વિભાગ માટેની વધારાની લાયકાત એટલે કે, શૈક્ષણિક અનુસ્નાતક કે વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાત TAT પરીક્ષા બાદ મેળવેલ હોય તો તેનું ગુણાંકન ઉમેદવારને મળવાપાત્ર થાય.
   b. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે:- ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટેની TAT પરીક્ષાની મુળભુત લાયકાત શૈક્ષણિક અનુસ્નાતક + વ્યવસાયિક સ્નાતક છે. જેથી, આ બંન્નેમાંથી કોઇ પણ લાયકાત TAT પરીક્ષા બાદ મેળવેલ હોય તો તે ગ્રાહ્ય રહે નહી. પરંતુ, ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટેની વધારાની લાયકાત એટલે કે, વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાત TAT પરીક્ષા બાદ મેળવેલ હોય તો તેનું ગુણાંકન ઉમેદવારને મળવાપાત્ર થાય.
6. **ડોક્યુમેન્ટ વેરીફીકેશન ક્યારે અને ક્યાં કરાવવાનું ?**
   a. પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ-૧(PML-1) જાહેર કર્યા બાદ તેમાં જે ઉમેદવારોનો પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ-૧(PML-1)માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ SMS તથા વેબસાઇટના માધ્યમથી કરવામાં આવશે. ત્યાર બાદ આવા ઉમેદવારોએ અત્રેથી સુચવેલ સમયે અને ઉમેદવારો દ્વારા ઓનલાઇન અરજી ફોર્મમાં પસંદ કરવામાં આવેલ જે-તે જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સ્થળ પર ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવાનું રહેશે.
7. **એક થી વધુ વિભાગમાં કરેલ અરજીનુ વેરિફિકેશન અલગ અલગ કરવાનુ રહેશે ?**
   a. હા, એક થી વધુ વિભાગમાં કરેલ અરજીનુ વેરિફિકેશન અલગ અલગ કરવાનુ રહે.
8. **Online અરજીની પ્રિન્ટ ક્યાં આપવાની? અરજી જમા કરાવ્યા બાદ પહોંચ આપવામાં આવશે ?**
   a. જો પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ-૧(PML-1)માં જો ઉમેદવારો સમાવેશ થશે તો તેવા ઉમેદવારો ગુણપત્રકો/પ્રમાણપત્રની ચકાસણી કયા જીલ્લામાં કરાવવા ઇચ્છે તેના વિકલ્પ ઓનલાઈન ફોર્મમાં ફરજીયાત દર્શાવવાનો રહેશે અને જે ઉમેદવારોનો પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ-૧(PML-1)માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ SMS તથા વેબસાઇટના માધ્યમથી કરવામાં આવશે ત્યાર બાદ તેઓએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો લેટર ઓનલાઈન મેળવી, પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ આ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું Online અરજીની ફાઇનલ પ્રિન્ટ ડોક્યુમેન્ટ વેરિફિકેશનના સ્થળે આપવાની રહેશે.
9. **Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેજેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે?**
   a. હા, Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે તેમજ ગેઝેટેડ ઓફિસર પાસે કરાયેલ પ્રમાણિત નકલ પણ ચાલશે.
10. **સરકારી/ગ્રાન્ટ–ઇન–એઇડ શાળામાં નોકરી કરતા ઉમેદવારે કેવુ NOC લેવુ પડે ?હાલ ત્રણ વર્ષથી ઓછી નોકરી હોય તો ત્રણ લાખના બોન્ડની જોગવાઈ કોને લાગુ પડશે ? કેવી રીતે ?**
    a. હાલ સરકારી અથવા બિન સરકારી અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા બજાવતા હોય તેવા વિદ્યાસહાયકો/શિક્ષણ સહાયકો આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણુક સત્તાધિકારીનું સદર જાહેરાત બાદનું અત્રેથી સુચવેલ નિયત નમુનામાં જ NOC મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. સુચવ્યા મુજબની NOC રજુ ન કરનાર ઉમેદવાર સદર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવાને હક્કદાર રહેશે નહી.(NOC નો નમુનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)
    b. તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ NOC રજુ કરી અરજી કરનાર ઉમેદવારો પૈકી માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક માધ્યમિક વિભાગમાંજ પસંદગી પામે તથા અને જો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાંજ પસંદગી પામે તો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૧૭/સીંગલફાઈલ-૬/ક, તા.૨૨/03/૧૭ મુજબ જીલ્લા/શાળા પસંદગી માટે ઉપસ્થિત રહે ત્યારે 03 વર્ષથી ઓછી નોકરીવાળા ઉમેદવારે રાજીનામુ મંજૂર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નકલ રજુ કરશે. તે જ જીલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે.
    c. શાળાઓ સિવાય અન્ય સરકારી કે બોર્ડ-નિગમમાં ફરજ બજાવતાં કર્મચારીએ પણ NOC રજુ કરવાનું છે.

**11.ગ્રાન્ટ–ઇન–એઇડ શિક્ષણ સહાયક ભરતી માટે ઉંમરની મર્યાદા લાગુ પડે ?**

a. ના, **ગ્રાન્ટ–ઇન–એઇડ શિક્ષણ સહાયક ભરતી માટે ઉંમરની મર્યાદા લાગુ પડતી નથી. પરંતુ ઉમેદવાર ૧૮ વર્ષ થી ૫૮ વર્ષની વચ્ચેની વયના હોવા જોઇએ.**

**12.બધી લાયકાતો માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર રજુ કરવા ફરજીયાત છે ?**

a. હા, પ્રોવિઝનલ મેરિટ-૧ માં સમાવેશ થયેલ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ફરજિયાત રજુ કરવાનું રહેશે.

**13.CGPA/SGPA/CPI/GRADE ને ટકા/ગુણ માં કેવી રીતે ફેરવાશે ?**

a. જો ઉમેદવારના ગુણપત્રકમાં મેળવેલ ગુણ કુલ ગુણ દર્શાવેલ હોય તે અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. ટકા દર્શાવ્યા હોય તો તેને ગુણમાં રૂપાંતરીત કરી દર્શાવવાના રહેશે દા.ત. ૫૮.૫ ટકા હોય તો મેળવેલ ગુણ ૫૮૫ અને કુલ ગુણ ૧૦૦૦ પરંતુ જો આ બંનેમાંથી કાંઇ દર્શાવેલ ન હોય તો સંબંધિત યુનિવર્સિટી અથવા કોલેજ પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબ અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.

**14.ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી લાયકાત મેળવેલ હોય તો માન્ય ગણાય ?**

a. ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી મેળવેલ લાયકાત અન્વયે નિમણુક સત્તાધિકારીની પુર્વ મંજુરી આવશ્યક છે.તેમજ,રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી ની લાયકાત માન્ય ગણાશે.

**15.ભરાઇ ગયેલા ફોર્મ માં પાછળથી વિગત સુધારવા શુ કરી શકાય ?**

a. તમામ ઉમેદવારોએ સુચનાઓ વેબસાઇટ પર મુકેલ સુચનાઓ વાંચ્યા બાદ જ અરજી કરવી. ઉમેદવારો અરજી કરવાની છેલ્લી તારીખ સુધી પોતાની અરજી edit કરી શકશે ત્યારબાદ સુધારા વધારા અંગે કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**16.અભ્યાસમાં ગેપ(તૂટ) પડી હોય તો સોગંદ નામુ કરવાની જરૂર છે ?**

a. ના, આવા કોઈ સોગંદનામાની જરૂર નથી.

**17.ટાટના ફોર્મ ભરતી વખતે લખેલ કેટેગરી બદલી શકાશે?**

a. હા, તે અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર હોવું જોઇએ પરંતુ એક વખત ફોર્મ ભર્યા બાદ અને ફી ભરી દીધા બાદ કોઇપણ ઉમેદવાર પોતાની કેટેગરી બદલી શકશે નહી.

**18.Have you applied previously for teacher's job?(government / granted)તમે અગાઉ શિક્ષકની નોકરી માટે સરકારી કે બિન અનુદાનિત શાળામાં ફોર્મ ભર્યું છે?**

a. જો ભર્યું હોય તો હા જો ના ભર્યું હોય તો ના

**19.Before this recruitment how many times you are selected for teacher's job?(gov/granted) આ ભરતી પહેલા તમે કેટલી વાર સરકારી કે બિનસરકારી(અનુદાનિત) શાળામાં શિક્ષક તરીકે પસંદગી પામ્યા છો?**

a. તમે ફોર્મ ભર્યું હોય અને ફાઇનલ મેરીટમાં આવ્યા હોય જિલ્લો પસંદ કર્યો હોય તો 1 મતલબ જેટલી વાર નોકરી ઓફર થઈ હોય એટલી વાર એ મુજબ 1-2-3. અને જો પસંદગી પામ્યા નથી તો 0

**20.HOW MANY TIMES YOU HAVE REFUSE THE OFFERED RECRUITMENT? (GOV/GRANTED)**

a. તમને સરકારી કે અનુદાનિત શાળામાં નોકરી મળી અને સ્વીકારી ન હોય તો 1 હવે આવી રીતે જેટલી વાર નોકરી મળી અને સ્વીકારી નથી તો એ મુજબ 1-2-3 અને નોકરી મળી જ નથી તો સ્વીકારી કે ન સ્વીકારી પ્રશ્ન જ નથી આવતો તો ત્યાં પણ 0 આવશે.